ટેન્ડરમાં જથ્થાવધારા તથા જથ્થાવધારાના ભાવના માપદંડમાં સુધારણા કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં ૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક: TNC-10-2017-01-C
તા.૧૧/૦૩/૨૦૧૭

## ઠરાવ

ટેન્ડરમાં જથ્થાવધારા તથા જથ્થાવધારાના ભાવના માપદંડ બાબતે બી-૧ અને બી-૨ ટેન્ડરના ક્લોઝ-૧૪.૨ માં જણાવ્યા મુજબ જથ્થાવધારા માટે ૩૦ ટકા સુધીનો જથ્થો ટેન્ડરના ભાવથી અને ૩૦ ટકાથી વધુ જથ્થામાં વધારો હોય તો જે તે વર્ષમાં કામગીરી કરેલ હોય તે વર્ષના એસ.ઓ.આર.થી કરવાની જોગવાઇ છે.

સદરહુ જોગવાઇમાં સુધારણા કરવા બાબતે સરકારશ્રીમાં ઘણા લાંબા સમયથી વિચારણા હેઠળ હતું. જે અન્વયે નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| EXISTING CLAUSE | AMENDMENT |
|---|---|
| **Form B-1 Clause- 14.2**<br>**Form B-2 Clause- 14.2**<br>Except that when the quantity of any item exceeds the quantity as in the tender by more than 30% the contractor will be paid for the quantity in excess of 30% at the rate entered in the SOR of the year during which the excess in quantity is first executed and for the material consumed in excess quantity the rate for the material to be charged would be basic rate taken into account for fixing the rate for the SOR above instead of the rate stipulated in Schedule-A | **Form B-1 Clause- 14.2**<br>**Form B-2 Clause- 14.2**<br>Except that when the quantity of any item exceeds the quantity as in the tender by more than 10% the contractor will be paid for the quantity in excess of 10% at the rate entered in the SOR of the year during which the excess in quantity is first executed or tender rate whichever is less. |

ઉપરોક્ત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.ચો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર



Scanned with CamScanner

ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ ભૌતિક પ્રગતિ સાથે સુમેળમા રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્ર : પરચ/૧૦૨૦૦૮/(૬૧)/સ
તા. ૨૭-૧૧-૨૦૦૮

પરિપત્ર

ટેન્ડરમાં અસામાન્ય ઉંચા કે નીચા ભાવો ઈજારદારશ્રીઓ દ્વારા ઘણી વાર ભરાતા હોવાનું સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે. આવા કિસ્સાઓમાં કામની નાણાંકીય પ્રગતિ અને ભૌતિક પ્રગતિનો સુમેળ ન રહેવાની સંભાવના રહેલી છે. આથી કામની ભૌતિક પ્રગતિ પ્રમાણે નાણાંકીય પ્રગતિ રહે કે જેથી સરકારશ્રી પર સમય પહેલા અયોગ્ય નાણાંકીય બોજ ન પડે તે માટે નીચે મુજબની જોગવાઈ ટેન્ડરમાં કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ જોગવાઈ તમામ કામોના આ પરિપત્રની તારીખ પછી મંજૂર થતાં ડી.ટી.પી. માં અચૂક પણ કરવાની રહેશે.

જોગવાઈ :-

જે કોઈ આઈટમનો ભરેલ ભાવ, તે આઈટમના ટેન્ડરમાં મૂકેલ અંદાજી ભાવ કરતા ટેન્ડરમાં મૂકેલ અંદાજી રકમથી સમગ્ર ટેન્ડર જેટલા ટકા ઉંચુ કે નીચુ મંજુર થયુ હોય તે ટકાવારીથી ૧૦% થી વધુ ઉંચો રહેતો હોય તેવી આઈટમનું ચુકવણું રનીંગ બીલ વખતે તે આઈટમના અંદાજી ભાવ + / − મંજુર ટેન્ડરની ટકાવારી + તે આઈટમના અંદાજી ભાવના ૫% ની મર્યાદામાં કરવામાં આવશે. આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયે ફાઈનલ બીલ મંજુર કરતી વખતે વ્યાજભારણ વગર છુટી કરવામાં આવશે.

ઉદાહરણ :-

ઉક્ત જોગવાઈ સ્પષ્ટ સમજણ માટે આ સાથે આપેલ ઉદાહરણ ધ્યાને લેવું

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરમાં મુકેલ અંદાજી રકમ | : | રૂા. ૧૦૦/- |
| ૨ | મંજુર થયેલ ટેન્ડરની રકમ | : | રૂા. ૧૧૦/- |
| ૩ | ટેન્ડરમાં મુકેલ અંદાજી રકમ સામે ખરેખર મંજુર થયેલ ટેન્ડરની ટકાવારી | : | ૧૦% |
| ૪ | ટેન્ડરની એક આઈટમનો ટેન્ડરમાં મુકેલ અંદાજી ભાવ | : | રૂા. ૧૦/- |
| ૫ | તે આઈટમનાં ભરેલ ભાવ | : | રૂા. ૧૪/- |
| ૬ | તે આઈટમમાં ભરેલ ઉંચા ભાવની ટકાવારી | : | ૪૦% |
| ૭ | તે આઈટમ માટે રનીંગ બીલ વખતે ચુકવવાપાત્ર ભાવ | : | રૂા. ૧૦ + ક્રો.૩ પ્રમાણે૧૦% ઉંચા :અંદાજી ભાવના ૫% રૂા. ૧૧.૫૦ |
| ૮ | ફાઈનલ બીલ વખતે વ્યાજ ભારણ વગર ચુકવવાપાત્ર થતો વીથ હેલ્ડ રાખેલ ભાવ | : | રૂા. ૧૪.૦૦ − ૧૧.૫૦ રૂા. ૨.૫૦ |

જો સદર આઈટમના ભાવ રૂા. ૧૨.૦૦ કે તેથી નીચો ભરેલ હોત તો રનીંગ બીલમાં ભાવ કપાત આ જોગવાઈ મુજબ કરવાની રહેત નહી.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

Scanned with CamScanner